| GJAN030010922023 | | રજુ તારીખ | ૨૧/૦૪/૨૦૨૩ | | |
|---|---|---|---|---|---|
| | | દાખલ તારીખ | ૨૧/૦૪/૨૦૨૩ | | |
| | | નિકાલ તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ | | |
| | सत्यमेव जयते | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | 03 | 02 | 11 |

**ક્રિમીનલ કેસ નં.૮૬૧/૨૦૨૩**

**આંક–.....**

## ફોર્મ – એ

**પેટલાદના મહે. એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,**

**મુ. પેટલાદ, જી.આણંદ.**

**(જજમેન્ટ આપ્યાની તારીખ ૦૨/૦૭/૨૦૨૬)**

**(કેસ નં.૮૬૧/૨૦૨૩)**

**પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનના ગુ.રજી. નં.૧૧૨૧૫૦૨૧૨૩૦૧૧૭/૨૦૨૩**

**(ઈ.પી.કો.કલમ–૪૫૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ.)**

| | |
|---|---|
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદી તરફે | વિ.એ.પી.પી.શ્રી.એમ.એમ.ભુરીયા |
| આરોપીઓ | (૧) ફાલ્ગુનીબેન વા/ઓ નિતીનભાઈ વિષ્ણુભાઈ પટેલ.<br>(૨) નિતીનભાઈ વિષ્ણુભાઈ પટેલ.<br>**બંને હાલ રહે.** પેટલાદ, સ્ટેશન રોડ, અગ્રવાલની બાજુમાં, દુર્ગા સોઈલની દુકાન ઉપર, તા.પેટલાદ, જી.આણંદ.<br>**મુળ રહે.**સરદાર ચોક, ધર્મજ, તા.પેટલાદ, જી.આણંદ. |
| આરોપીઓ તરફે | વિ.વ.શ્રી જે.એમ.પઠાણ |

# ફોર્મ – બી

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૧૪/૦૩/૨૦૨૩ |
| એફ.આઈ.આર. ની તારીખ | ૧૪/૦૩/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૨૧/૦૪/૨૦૨૩ |
| તહોતમનામું ઘડયાની તારીખ | ૨૨/૦૫/૨૦૨૩ |
| પુરાવો લેવાનો ચાલુ કર્યાની તારીખ | ૧૮/૦૬/૨૦૨૬ |
| જજમેન્ટ આપવાની નકકી કરેલ તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |
| જજમેન્ટ આપ્યાની તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |
| સજાના ઓર્ડર કર્યાની તારીખ (જો હોય તો) | – |

# આરોપીઓની વિગત

| આરોપીઓની સંખ્યા | આરોપીઓનું નામ | અટક કર્યાની તારીખ | જામીન પર મુકત કર્યાની તારીખ | ગુનાઓના આરોપસર | સજા/ નિર્દોષ | ફરમાવેલ સજા | કેદમાં રહેલ મુદતનો સમય બી.એન.એસ.એસ. ની કલમ –૪૬૮ ના હેતુસર |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | ફાલ્ગુનીબેન વા/ઓ નિતીનભાઈ વિષ્ણુભાઈ પટેલ. | ૧૫/૩/૨૦૨૩ | ૧૫/૩/૨૦૨૩ | ઈ.પી.કો.કલમ– ૪૫૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ. | **નિર્દોષ** | – | – |
| (૨) | નિતીનભાઈ વિષ્ણુભાઈ પટેલ. | ૧૫/૩/૨૦૨૩ | ૧૫/૩/૨૦૨૩ | | **નિર્દોષ** | – | – |

# ફોર્મ – સી

## એ– ફરીયાદપક્ષના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| PW1 | યોગેશભાઈ ત્રિભુવનદાસ સુપેડા | ફરીયાદી | ૨૯ |

## બી– આરોપીઓપક્ષના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| DW1 | – | – | – |

## સી– કોર્ટ તરફેના સાક્ષી :–

| નંબર | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| CW1 | – | – | – |

## એ– ફરીયાદપક્ષ તરફે આંકે પડેલ દસ્તાવેજો :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | ૩૦ | ફરીયાદ |
| 2 | ૩૧ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |

## બી– આરોપીઓપક્ષના સાક્ષી :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

## સી– કોર્ટ તરફેના સાક્ષી :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

## ડી– મહત્વની વસ્તુઓ :–

| નંબર | આંક ના નંબર | વિગત |
|---|---|---|
| 1 | – | – |

# **-: જજમેન્ટ :-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૧૪/૩/૨૦૨૩ ના રોજ કલાક ૦૯-૩૦ વાગ્યાના સુમારે મોજે પેટલાદ, સ્ટેશન રોડ અગ્રવાલની બાજુમાં, દુર્ગા સોઈલની દુકાનમાં આ કામના આરોપીઓ નં.૧ નાઓએ ફરીયાદી યોગેશભાઈ ત્રિભુવનદાસ સુપેડાની દુકાનના ઓટલા ઉપર પાણી ઢોળતા ફરીયાદીએ પાણી ઢોળવાની ના પાડતા બંને આરોપીઓઓએ ફરીયાદીની દુકાનમાં પ્રવેશ કરી ફરીયાદીને ગંદી ગાળો બોલી ગડદાપાટુનો માર મારેલ તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને ગુનો કરવામાં બંને આરોપીઓઓએ એકબીજાની મદદગારી કરેલ હોઈ, આ અંગેની ફરીયાદીએ ફરીયાદ પેટલાદ ટાઉન પો.સ્ટે. માં આપતા પોલીસે સદર ગુનો ગુ.રજી. નં.**૧૧૨૧૫૦૨૧૨૩૦૧૧૭/૨૦૨૩ થી** ઈ.પી.કો.કલમ-૪૫૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો ગુનો નોંધી લઈ અને ત્યાર બાદ તપાસ હાથ ધરી તપાસના અંતે આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતા આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) ત્યાર બાદ આ કામના આરોપીઓને સમન્સ/વોરંટ ઈસ્યુ કરવામાં આવેલ અને તેની બજવણી થતા આરોપીઓ કોર્ટમાં હાજર થયેલ છે અને આરોપીઓને ક્રિ.પ્રો.કોડ ની કલમ-૨૦૭ અન્વયે વિના મુલ્યે ચાર્જસીટ સહીત પોલીસ કાગળની નકલો આપવામાં આવેલ છે. તેમજ ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધના આક્ષેપીત ગુના અંગેનું તહોતમનામું **આંક-૩** થી ફરમાવવામાં આવેલ છે અને **આંક-૪ અને આંક-૫ થી** ારોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેઓએ ગુનો કરેલ હોવાનો ઈન્કાર કરેલ છે. તેથી કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે તથા ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવા નોંધવામાં આવેલ છે.

(૩) સદર કામે ફરીયાદપક્ષે ફોર્મ-સી માં જણાવ્યા મુજબના મૌખીક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

(૪) ઉપરોકત ફોર્મ-સી માં જણાવ્યા મુજબના પુરાવા રજુ થયા બાદ ફરીયાદપક્ષે બીજા કોઈ પુરાવા રજુ થયેલ નથી તેમજ રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા જોતા ક્રિ.પ્રો. કોડની કલમ-૩૧૩

અન્વયે આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવા પાત્ર કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી આરોપીઓનું ક્રિ.પ્રો. કોડની કલમ–૩૧૩ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

તેમજ ત્યાર બાદ ફરીયાદપક્ષ તથા આરોપીઓપક્ષના વિ.વ.શ્રી. નાઓની દલીલો સાંભળવામાં આવેલ છે અને સદર કેસના આખરી નિર્ણય કરતી વખતે ધ્યાને લેવામાં આવેલ છે.

(૫) સદરહું ફરીયાદ હકીકતો ઉપરથી ન્યાયીક અર્થે કેસનાં આખરી નિકાલ વાસ્તે, નીચે મુજબના મુદદાઓ ઉપસ્થિત થાય છે.

**<u>મુદદા નં. ૦૧</u>,** શું ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદમાં જણાવેલ હકીકત મુજબ તા.૧૪/૩/૨૦૨૩ ના રોજ કલાક ૦૯–૩૦ વાગ્યાના સુમારે મોજે પેટલાદ, સ્ટેશન રોડ અગ્રવાલની બાજુમાં, દુર્ગા સોઈલની દુકાનમાં આ કામના આરોપીઓ નં.૧ નાઓએ ફરીયાદી યોગેશભાઈ ત્રિભુવનદાસ સુપેડાની દુકાનના ઓટલા ઉપર પાણી ઢોળતા ફરીયાદીએ પાણી ઢોળવાની ના પાડતા બંને આરોપીઓઓએ ફરીયાદીની દુકાનમાં પ્રવેશ કરી ફરીયાદીને ગંદી ગાળો બોલી ગડદાપાટુનો માર મારેલ તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ અને ગુનો કરવામાં બંને આરોપીઓઓએ એકબીજાની મદદગારી કરીને ઈ.પી.કો.કલમ–૪૫૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**<u>મુદદા નં. ૦૧</u>,** શું હુકમ ?

(૬) ફરીયાદપક્ષે રેકર્ડ ઉપર આવેલ સમગ્ર મૌખિક, દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તેમજ કેસની હકીકતો અને સંજોગોને ધ્યાને લેતા ઉપરોકત મુદદાનાં જવાબો અને કારણો નીચે મુજબ છે.

**મુદદા નં.૧. ન કા ર માં,**

**મુદદા નં.ર. આખરી હુકમ મુજબ.**

## <u>– :: નિર્ણય માટેનાં કારણો ::–</u>

(૭) **<u>મુદદા નં.૦૧ અને ૦ર.</u>**

સદર કામે ફરીયાદપક્ષે આંક–ર૯ થી ફરીયાદી યોગેશભાઈ ત્રિભુવનદાસ સુપેડા નાએ સોગંદ ઉપર જુબાની આપીને જણાવેલ છે કે ત્રણ વર્ષ પહેલા તેમને આ કામના આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ અને તે સીવાય કાંઈ બનેલ નહિ. વધુમાં જણાવે છે

કે પોલીસે તેમની ફરીયાદમાં શું લખેલ તેની તેમને ખબર નથી તથા તેમણે એવું લખાવેલ નથી કે આરોપીઓ સાથે દુકાન આગળ પાણી ઢોળવા બાબતે બોલાચાલી થયેલ. વધુમાં તેઓને ફરીયાદ બતાવવામાં આવે છે, જેમાં તેઓ પોતાની સહી ઓળખી બતાવેલ છે, જે ફરીયાદ આંક−૩૦ થી રજુ છે.

આમ ફરીયાદી પોતે ફરીયાદપક્ષને સમર્થન આપતા ન હોવાથી ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેઓને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગવામાં આવેલ છે, જે આપવામાં આવેલ છે અને આવા વિગતવારના સુચક પ્રશ્નો પુછવા છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત તેઓએ જણાવેલ નથી.

સદર સાહેદની ઉલટ તપાસ આરોપીઓપક્ષના વિ.વ.શ્રી. દ્વારા કરવામાં આવેલ છે અને તેમાં તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે પોલીસે તેમની ફરીયાદમાં શું લખેલ તેની તેમને ખબર નથી તથા પોલીસે ફરીયાદ વાંચી સંભળાવેલ નથી. તેમજ તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે હાલ તેમને આરોપીઓ સાથે કોઈ અણબનાવ નથી.

(૮) વધુમાં સદર કામે રેકર્ડ જોતા આરોપીઓના વિ.વ.શ્રી.ની સંમતીથી આંક−૩૧ થી ગુનાવાળી જગ્યાનું પંચનામ રજુ થયેલ છે, જે જોતા ગુનાવાળી જગ્યાની ચર્તુદિશા રેકર્ડ ઉપર આવેલ છે પરંતુ સદર પુરાવા સંબધે કોઈ પંચ સાહેદનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ ન હોવાથી તેના ઉપર આધાર રાખી શકાય નહિ. તેમજ ફરીયાદી યોગેશભાઈ નાઓએ પોતાના પુરાવામાં આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી સીવાય બીજું કાંઈ બનેલ ન હોવાની હકીકત જણાવેલ છે. જે તમામ હકીકતો ધ્યાને રાખતા સદર દસ્તાવેજી પુરાવાની હકીકતો નિ:શંકપણે પુરવાર થયેલ માની શકાય નહિ.

(૯) સદર કામે ફરીયાદી યોગેશભાઈ સુપેડા નાઓના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો તેઓએ પોતાના પુરાવામાં બનાવમાં તેઓ અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હતી, તે સીવાય બીજું કાંઈ બનેલ ન હોવાનું જણાવેલ છે તેમજ આંક−૩૦ થી રજુ થયેલ ફરીયાદમાં પોલીસે શું લખેલ હતું તે બાબતે તેઓને કોઈ જાત માહિતી ન હોવાનું જણાવેલ છે. જે તમામ હકીકતો ધ્યાને રાખતા ફરીયાદી યોગેશભાઈ નાઓએ પોતાના પુરાવામાં ફરીયાદ

હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોવાથી આંક-૩૦ થી રજુ થયેલ ફરીયાદ હકીકતો નિ:શંકપણે પુરવાર થયેલ માની શકાય નહિ અને તેના ઉપર આધાર રાખીને આરોપીઓને આક્ષેપીત ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહિ.

(૧૦) આમ રેકર્ડ ઉપર આવેલ તમામ પુરાવાની હકીકત તેમજ હાલના સંજોગો ધ્યાને રાખતા બનાવમાં ફરીયાદી યોગેશભાઈ સુપેડા અને આરોપીઓ વચ્ચે સામાન્ય બોલાચાલી સીવાય બીજી કોઈ હકીકત બનેલ ન હોવાનું જણાય આવતું હોવાથી ફરીયાદ હકીકત મુજબ હાલના કામના આરોપીઓએ **ઈ.પી.કો.કલમ-૪૫૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** મુજબના આવશ્યક તત્વો મુજબનો આક્ષેપીત ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર આવેલ પુરાવાથી સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોવાથી મુદદા નં.૧ " **નકારમાં** " ઠરાવી મુદદા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## -:: આ ખ રી હુ ક મ ::-

(૧) ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૪૮(૧) અન્વયે આરોપી નં.૧ ફાલ્ગુનીબેન વા/ઓ નિતીનભાઈ વિષ્ણુભાઈ પટેલ તથા આરોપી નં.૨ નિતીનભાઈ વિષ્ણુભાઈ પટેલ નાઓને **ઈ.પી.કો.કલમ-૪૫૨, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪** અન્વયેના શિક્ષાને પાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપીના અગાઉના જામીનખત તેમજ જાતમુચરકા અપીલ સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ-૦૨, માહે-જુલાઈ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૭/૨૦૨૬
પેટલાદ.

(ડી.બી.ગોહીલ)
એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ.
UIC No. GJ00757

સ્ટેનો-જે.ટી.રાણા

**<u>કોર્ટના કર્મચારીશ્રીઓએ કરવાના કાર્યો અંગે હુકમ.</u>**

(૧) અત્રેની અદાલતમાં અપલોડની કામગીરી સંભાળતાં કર્મચારીશ્રીએ સદર હુકમ અદાલ–તમાં જાહેર થયા મુજબ યોગ્ય રીતે વેરીફાઇ કર્યા બાદ અપલોડની કાર્યવાહી તાત્કાલીક કરવી.

(૨) બોર્ડ કલાર્કશ્રીએ સદર કેસ/અરજી ચેક વેરીફાઇ કરવી.

(૩) રજીસ્ટ્રીએ નિયમોનુસાર હુકમ મુજબ આગળની કાર્યવાહી કરી સદર કેસ રેકર્ડ રૂમમાં મોકલવી આપવો.

તા.૦૨/૦૭/૨૦૨૬ (ડી.બી.ગોહીલ)
પેટલાદ. એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, પેટલાદ.
UIC No. GJ00757

| ક્રમ | વિગત | કર્મચારીની સહી |
|---|---|---|
| ૧ | ચુકાદો અદાલતમાં જાહેર થયા મુજબ, ચેક વેરીફાઇ કર્યા બાદ અપલોડની કાર્યવાહી કરેલ છે. **અપલોડની કામગીરી સંભાળનાર** | |
| ૨ | આખો કેસ ચેક વેરીફાઇ કરેલ છે. **શીરસ્તેદાર /બોર્ડ કલાર્કશ્રી** | |
| ૩ | હુકમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે. **સુપ્રિટેન્ડેન્ટ/ રજીસ્ટ્રી** | |